# ગરમીનો સામનો કરો

## પાળેલાં પ્રાણીઓને ગરમીથી બચવા મદદરૂપ બનો

સપ્ટેમ્બર 2011

ઉનાળાની ઋતુ હોય ત્યારે પાળેલાં પશુઓને ઇજા થવાની અને ગરમીથી થતી સ્વાસ્થ્ય સમસ્યાઓનો ભય વધારે રહે છે. અહીં આપના પાળેલાં પશુઓને સલામત અને ઠંડકમાં રાખવા માટે કેટલાંક સૂચનો છે.

### પુષ્કળ તાજું ઠંડુ પાણી આપો

માત્ર હાંફવાથી અથવા પગની ગાદી દ્વારાજ કૂતરાનો પરસેવો નીકળે છે. કૂતરાના મોંઢાની ભીની સપાટી અને નાકમાંથી પાણીનો થતો ક્ષય તેમના શરીરનું તાપમાન નીચું લાવે છે. ગરમ હવામાન હોય ત્યારે પાળેલાં પશુઓને પાણી આપતા રહો. ઘરે અને ઘરની બહાર તેમને ફરવા લઇ જવામાં આવે ત્યારે તાજુ પાણી ઉપલબ્ધ હોય તેની ખાત્રી કરો.

### સૂર્યની ગરમીથી ચામડી દાઝે નહીં તે પ્રત્યે સાવધાન રહો

સંવેદનશીલ પંજા સહેલાઇથી દાઝી જાય છે. સરોવર/સમુદ્ર કિનારે રેતી અને ખડક પર સૂર્ય પ્રકાશનું પ્રતિબિંબ પડે છે - તેથી તમારા પાળેલાં પ્રાણી દાઝી શકે છે. પ્રાણીના ટૂંકા વાળ અને જેમની ચામડી ગુલાબી હોય અથવા વાળ સફેદ હોય તેમની દાઝી જવાની શક્યતા સૌથી વધારે હોય છે. તેથી તેમને તપતા સૂર્યમાં બહુ ન રાખો - સમય મર્યાદા રાખો અને છાંયામાં રાખવાની જોગવાઇ કરો.

### ઠંડકવાળું સ્થળ શોધો

તમારૂં ઘર ઠંડુ રાખવા માટે એર-કન્ડીશનિંગ અથવા પંખાનો ઉપયોગ કરો. બહાર તેમના માટે છાંયડાની જોગવાઇ કરો. બગીચાના હોઝની હલકી ઝારીથી થોડા પાણીથી એમને ઠંડક આપી શકાય છે. ગરમીના દિવસોમાંજ પાળેલાં પશુઓને કદિપણ બાલ્કનીઓ અથવા છાંયડા વગરના બેકયાર્ડમાં એકલાં ન મૂકો.

### પાળેલાં પ્રાણીઓના ખોરાક અને કસરત પર નઝર રાખો

ગરમ મોસમ દરમિયાન વધુ ખાવાથી ગરમી વધી શકે છે. ઘર બહારની પ્રવૃત્તિઓનું આયોજન સવાર-સાંજના સમયે ગોઠવો, કારણ કે તે સમયે ઠંડક હોય છે.

### પાર્ક કરેલી કારમાં તમારા પાળેલા પ્રાણીને કદિ ન છોડી જવું

જ્યારે બહારની હવાનું તાપમાન 23 ડિગ્રી સેલ્સીયસ હોય છે ત્યારે વાહનની અંદરનું તાપમાન ઘણું ભયાનક હોય છે - 50 ડિગ્રી સેલ્સીયસ થી વધારે. આ પ્રકારની ગરમી પાળેલાં પશુઓ માટે ઘણી ભયાનક હોય છે અને તેમને ગરમીથી થતી બીમારીઓનું જોખમ રહે છે. જેને કારણે મૃત્યુ પણ નીમજી શકે છે. અભ્યાસો પરથી ફલિત થાય છે કે બારી અર્ધ-ખુલ્લી રાખવાથી અથવા છાંયડામાં કાર પાર્ક કરવાથી તાપમાનનું ભયાવહ સ્તર અટકાવી શકાતું નથી. ગરમ હવામાન હોય ત્યારે પાળેલાં પશુઓને દયા ખાતર ઘરે સલામત રાખવા હિતાવહ છે. જો તમારે પાળેલાં પશુઓને લઇને બહાર જવુંજ પડે તો સાથે એક વધારાની ચાવી રાખો જેથી ભૂલથી તાળાબંધ કારમાં તે ફસાઇ ન મરે.

### ગરમીથી આવતી મૂર્ચ્છાના લક્ષણો અંગે સાવચેત રહો

આ લક્ષણોમાં સમાવિષ્ટ છે ઝડપથી હાંફ ચડવો, પુષ્કળ લાળ પડવી, ત્વચા ગરમ થવી, સ્નાયુઓમાં આંચકા, ઊલટી અને મૂઢ દેખાવ. હીટ સ્ટ્રોક એક ગંભીર મેડિકલ સ્થિતિ છે અને તેમાં તત્કાળ કાર્યવાહી આવશ્યક છે. જો સારવાર ન કરવામાં આવે તો મૃત્યુ પણ થઇ શકે છે. આપના પાળેલાં પશુને ઠંડકમાં રાખવા તત્કાળ પ્રયત્નો કરો. તેને છાંયડાવાળા વિસ્તારમાં સ્થળાંતર કરો, તેના પર ઠંડુ પાણી રેડો અને તત્કાળ પશઓના ડોક્ટરનો સંપર્ક કરો.

જો આપનું પાળેલ પશુ ભૂલથી કારની અંદર બંધ થઇ જાય તો 911 પર ફોન કરો. વધારે માહિતી માટે અથવા જો તમે કોઇ પાળેલાં પશુને ગરમીથી પીડાતુ જુઓ તો ટોરાન્ટો એનિમલ સર્વિસને 416-388-PAWS (7297) પર ફોન કરો.